# આરોગ્ય સંભાળ વ્યવસ્થાપક (હેલ્થકેર મેનેજર)

આરોગ્ય સંભાળ વ્યવસ્થાપક, આરોગ્ય સેવા સુવિધાના એકંદર સંચાલન માટે જવાબદાર છે. તેઓ સુનિશ્ચિત કરે છે કે આરોગ્ય સંભાળ સુવિધા સુચારૂ રીતે સેવાઓ પુરી પાડી રહી છે, પૂરતા કર્મચારીઓ ઉપલબ્ધ છે. તેઓ બજેટ તૈયાર કરે છે અને રોજિંદી કામગીરીની દેખરેખ પણ રાખે છે. આરોગ્ય સંભાળ વ્યવસ્થાપક વિવિધ કામગીરી જેવી કે દાખલ કરવા, બિલ તૈયાર કરવા, માનવ સંસાધન, બજેટિંગ, કામગીરીનું મૂલ્યાંકન, તબીબી અપડેટ્સ વગેરે માટે જવાબદાર કર્મચારીઓની  ટીમ સાથે કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે આયોજન અને સંકલન કરવાનું કૌશલ્ય ધરાવો છો
- તમે નિર્ણયો લેઈ શકો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે આરોગ્ય સંભાળ ક્ષેત્રની કામગીરીમાં રૂચિ ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો, ત્યારબાદ હોસ્પિટલ મેનેજમેન્ટ / સંચાલનમાં MBA / પી.જી.ડિ.એમ. કરો

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી ત્યારબાદ, પ્રમાણપત્ર / ડિપ્લોમા કોર્સ કરો જે કામની સાથે સાથે ઑનલાઈન પણ કરી શકાય છે.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં  પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી.વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં  પ્રવેશ માટે, તમારે નીચેની કોઈપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ કેટ/ એક્સ.એ.ટી./ જીમેટ/ એસ.એન.એ.પી./ એન.એમ.એ.ટી./સી.એમ.એ.ટી. વગેરે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

આરોગ્ય સંભાળ વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૭,૦૦૦ થી ૮૨,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Healthcare_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** નિદાન કેન્દ્રો અને હોસ્પિટલો, તાત્કાલિક સંભાળ કેન્દ્રો, પુનર્વસન કેન્દ્રો, નર્સિંગ હોમ્સ અને અન્ય લાંબા ગાળાની સંભાળ સુવિધાઓ, બહારના દર્દીઓ માટેની વિશિષ્ટ સેવાઓ, ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્ર, સરકારી એજન્સીઓ, હોસ્પિટલો અને આરોગ્ય ક્ષેત્રે પરામર્શ સેવા પુરી પાડતી સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઑફિસમાં અથવા સંસ્થાની જગ્યામાં કામ કરશો અને મોટેભાગે દેખરેખ પ્રક્રિયાઓનું માર્ગદર્શન અને નેતૃત્ત્વ કરશો. આ એક તણાવપૂર્ણ કામગીરી છે જેમાં ઘણીવાર ઝડપી નિર્ણયો લેવાની જરૂર પડે છે. સહયોગ સાધીને કામ કરવું અને શિફ્ટમાં કામ કરવું એ તમારી કામગીરીનો એક ભાગ છે.

**આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.**

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક હોસ્પિટલ સંચાલક → આરોગ્ય સંભાળ સંચાલક → ઓફિસ વ્યવસ્થાપક → માનવ સંસાધન વ્યવસ્થાપક → માનવ સંસાધન નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્લિનિક મેનેજર, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર, મેડિકલ એક્ઝિક્યુટિવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન અથવા વાણિજ્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ - રાજકોટ
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ - જયપુર
૩. આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ - પુણે (સશસ્ત્ર દળો દ્વારા સંચાલિત)
૪. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ - ફરીદાબાદ
૫. જયપુર નેશનલ યુનિવર્સિટી - ચજે.એન.યુ., જયપુર
૬. એમએસયુ, વડોદરા
૭. એનએફએસયુ, ગાંધીનગર
૮. ડૉ. બી.આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સીવીએમ યુનિવર્સિટી, આણંદ, વલ્લભ વિદ્યાનગર
૨. ટાટા ઇન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈ
૩. એપોલો ઈન્સ્ટિટ્યુટ ઓફ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, હૈદરાબાદ
૪. કલિંગા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજી, ભુવનેશ્વર
૫. વેલિંગકર ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, પુણે અને બેંગ્લોર
૬. મણિપાલ કોલેજ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સિસ, મણિપાલ
૭. વીઆઈએચએમએસ, અમદાવાદ
૮. આઈસીઆરઆઈ, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://nptel.ac.in/courses/110104095
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મીના ગણેશ,** ભારતની સૌથી મોટી હોમ હેલ્થકેર કંપની, પોર્ટિયાના વડા તરીકે, લોકોના ઘરોમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ સેવાઓ પહોંચાડવા માટે ચોવીસેય કલાક કામ કરી રહ્યા છે, અને તે સુનિશ્ચિત કરે છે કે તેમના કર્મચારીઓ સલામત અને સ્વસ્થ રહે. તેણીએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં બી.એસ.સી. અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, કલકત્તામાંથી મેનેજમેન્ટમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરેલ છે. મીના ગણેશને ઈન્ડિયા હેલ્થ સમિટ એન્ડ એવોર્ડ્સમાં 'હેલ્થ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર' તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ દરમિયાન ફોર્ચ્યુન ઈન્ડિયા દ્વારા પસંદ કરવામાં આવેલ ભારતીય વ્યવસાયમાં ૫૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં પણ સામેલ હતા. વર્ષ ૨૦૨૦માં, તેણીને બેંગલુરૂ શહેરમાં યોગદાન માટે બ્રુહત બેંગલુરૂ મહાનગરપાલીકા દ્વારા કેમ્પેગૌડા એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.*

સ્રોત: https://www.vogue.in/culture-and-living/content/meena-ganesh-ceo-of-portea-india-the-home-healthcare-provider-on-how-to-step-up-during-a-crisis

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.